# પ્રવચન નં.૧૨. તા.૨-૯-૮૭
# સમયસાર ગાથા-૧૧
# દશ લક્ષણ ધર્મ-૬ઠ્ઠો દિવસ

પર્યુષણ પર્વાધિરાજનો આજે છઠ્ઠો ઉત્તમ સંયમધર્મનો દિવસ છે. દસલક્ષણ પર્વમાં છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમધર્મનો છે. આત્મસ્વભાવની શ્રધ્ધા-જ્ઞાનપૂર્વક, શુભાશુભ ઈચ્છાઓને રોકીને આત્મામાં એકાગ્ર થવું તે પરમાર્થે ઉત્તમ સંયમધર્મ છે. અને જયારે એવો વીતરાગભાવ ન થઈ શકે, શુધ્ધઉપયોગ ન આવે ત્યાં સુધી, ત્યારે સમ્યક્ શ્રધ્ધા-જ્ઞાનપૂર્વક અશુભરાગને છોડીને છ કાય જીવોની રક્ષાનો શુભરાગ હોય છે તેને વ્યવહારસંયમ કહેવાય છે. શ્રી આચાર્યદેવ સંયમધર્મનું વર્ણન કરે છે.

જેનું ચિત્ત એટલે મન, દયાથી ભીંજાયેલું છે અને જે સમિતિમાં પ્રવર્તમાન છે તથા ઈન્દ્રિયવિષયોનો ત્યાગ છે એવા મુનિવરોને સંયમધર્મ છે. એમ મહામુનિઓ કહે છે. જેઓને આત્મભાનપૂર્વક, વિકલ્પ જ થતો નથી. વીતરાગભાવરૂપ અકષાયી કરુણા પ્રગટી છે તેમને કોઈ પ્રાણીને દુઃખ દેવાનો વિકલ્પ જ થતો નથી. તેથી તેમનું ચિત્ત દયાથી ભીંજાયેલું છે એમ કહેવાય છે. રાગભાવ તે હિંસા છે કેમકે તેમાં પોતાના આત્માના ચૈતન્યપ્રાણ હણાય છે. તેથી તેમાં સ્વજીવની દયા નથી. વીતરાગભાવ તે જ સાચી દયા છે, કેમકે તેમાં સ્વ કે પર કોઈ જીવોની હિંસાનો ભાવ નથી. એવી વીતરાગી દયાથી જેનું એટલે મુનિરાજનું ચિત્ત ભીંજાયેલું છે તે મુનિવરોને ઉત્તમ સંયમધર્મ છે. અને સંપૂર્ણ વીતરાગભાવ ન હોય અને રાગની વૃતિ ઊઠે ત્યારે પાંચ સમિતિમાં પ્રવર્તવારૂપ શુભભાવ (રાગ) હોય છે તેને પણ સંયમધર્મ કહેવાય છે. પરમાર્થે તો વીતરાગભાવ તે જ ધર્મ છે, રાગ તે ધર્મ નથી. શુભવિકલ્પ આવે, તેને પણ તોડીને, છોડીને સ્વભાવ તરફ ઢળવાનો પ્રયત્ન વર્તે છે. એટલે અંશે વિકલ્પનો અભાવ કર્યો એટલે અંશે વીતરાગી સંયમધર્મ છે.

શ્રીમદ્ રાજચંદ્રજી 'અપૂર્વ અવસર'માં કહે છે કે :-

સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.

આમાં તેઓશ્રી એટલે કે શ્રીમદ્ રાજચંદ્રજી એકાવતારી થયા. તેઓશ્રી એમ ભાવના કરે છે કે જયાં સુધી વીતરાગભાવે સ્વરૂપમાં ન ઠરી શકાય ત્યાં સુધી, સ્વરૂપના લક્ષે અને જિન આજ્ઞા અનુસાર સંયમના

હેતુએ યોગનું એટલે કે મન, વચન, કાયાનું પ્રવર્તન હો. અહીં જિન આજ્ઞા તરફનું લક્ષ છે તે પણ શુભભાવ છે. તેની ભાવના નથી. પણ પર તરફનો તે વિકલ્પ પણ ક્ષણે ક્ષણે ઘટતો જાય, એને ક્રમે ક્રમે તેનો અભાવ થઈને સંપૂર્ણ વીતરાગભાવે આત્મસ્વરૂપમાં લીનતા પ્રગટ થઈને કેવળજ્ઞાન થાય-તેવી ભાવના ભાવે છે. 'અપૂર્વ અવસર એવો કયારે આવશે' એવા વીતરાગભાવની પહેલાં ઓળખાણ કરવી જોઈએ. વીતરાગ તે જ ઉત્તમ ધર્મ છે. આ પ્રકારે આજે ઉત્તમ સંયમધર્મનો છઠ્ઠો દિવસ છે. એટલે ચારિત્રના દસ પ્રકાર કહ્યા તેમાં આજે છઠ્ઠા પ્રકારનું વર્ણન થયું. તો આચાર્યભગવાન ફરમાવે છે કે પ્રથમ સમ્યગ્દર્શનનું આચરણ છે. સમ્યગ્દર્શન પણ આચરણરૂપ છે એ પ્રથમ હોય છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વક વિશેષ લીનતા, સ્વભાવમાં રમણતા, એકાગ્રતા, ધ્યાનસ્થ અવસ્થા, નિર્વિકલ્પ ધ્યાનાવસ્થા, શુધ્ધોપયોગ અવસ્થા તેને પરમાત્મા ચારિત્રદશા કહે છે. ચારિત્ર તે સાક્ષાત મોક્ષનું કારણ છે અને સમ્યગ્દર્શન તે પરંપરા મોક્ષનું કારણ છે.

એવું જે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય તેની ૧૧નંબરની ગાથા તે જૈનદર્શનનો પ્રાણ છે. કેમકે સંવર, નિર્જરા અને મોક્ષ એ કોને પ્રગટ થાય? જેને સંવર-નિર્જરાનો વિષય દૃષ્ટિમાં આવે તેને સંવર-નિર્જરા પ્રગટ થાય છે. હવે એ દૃષ્ટિનો જે વિષય છે તે ધ્યાનનું ધ્યેય છે, પરમાત્મા તે પરિણામ માત્રથી ભિન્ન છે. પરિણામ માત્ર ક્ર્યું તેમાં કોઈ પરિણામ બાકી રહેતું નથી. એવા પરિણામથી ભિન્ન નિજપરમાત્મદ્રવ્ય સામાન્ય અંદર બિરાજમાન છે. જયાં સુધી જીવને વ્યવહારનો પક્ષ છે એટલે કે પર્યાયનો પક્ષ છે અથવા પર્યાયપરિણત દ્રવ્યનો પક્ષ છે તેને સંવર-નિર્જરા પ્રગટ થતા નથી. પણ જેને અંતરમાં પ્રમત-અપ્રમત એવી બે પ્રકારની દશાઓ એનાથી ભગવાન જ્ઞાનાનંદ પરમાત્મા જ્ઞાયકદેવ તે અનાદિ-અનંત ભિન્ન છે, તેનાથી રહિત છે. અને અનંત ગુણથી સહિત છે. આવું જયારે તેને વ્યવહારના નિષેધપૂર્વક નિશ્ચયનયનું ગ્રહણ થાય છે ત્યારે તેને આત્માનો અનુભવ થાય છે.

જયાં સુધી તેને વ્યવહારના નિષેધનું વીર્ય ઉપડતું નથી ત્યાં સુધી સમજી લેવું કે તેને અંદરમાં વ્યવહારનો પક્ષ પડયો છે. વ્યવહારના નિષેધની વાણી પણ જેનામાં ન આવે તેણે સમજી લેવું કે ઊંડે, ઊંડે કયાંક પણ વ્યવહારનો પક્ષ છે. અને વ્યવહારનો પક્ષ પોષવા માટે એવી દલીલો પણ એ કરે કે સર્વથા વ્યવહારનો નિષેધ કરશો તો આત્મા રહેશે નહીં. કેમકે આત્મા પરિણામી છે. પર્યાય સહિત જ દ્રવ્ય હોય. આત્મા પર્યાય સહિત જ હોય એમ અનાદિકાળથી પુણ્યથી ધર્મ થાય એટલું તો એણે છોડયું, એવી સ્થૂળ ભૂલ તો શાસ્ત્રપાઠી કરતો નથી. પરંતુ પર્યાય સાપેક્ષ આત્માને એ શ્રધ્ધામાં રાખે છે. તેને અશુધ્ધ આત્મા જ દૃષ્ટિમાં ગ્રહ્યો છે.

જે અશુધ્ધ આત્માને ગ્રહે છે તેને મિથ્યાત્વરૂપ અશુધ્ધદશા જતી નથી. એવી ઉંચા પ્રકારની ગાથા, ૧૧ નંબરની ગાથા ખરેખર કુંદકુંદઆચાર્ય ભગવાને સીમંધર ભગવાન પાસે જઈને ત્યાંથી લાવીને

સમયસારમાં ન લખ્યું હોત. અરે! કદાચિત્ સમયસાર લખ્યું હોત અને જો ૧૧ ગાથા ન લખી હોત તો સમયસાર અધુરું રહી જાત. પણ અધુરું કેમ રહે? માટે ૧૧મી ગાથાનું રહસ્ય બહુ ઉંચું છે, ઉંચા પ્રકારનું છે. વ્યવહારનો પક્ષ જીવને અનાદિકાળનો છે. આ કાંઈ નવી વાત નથી. વ્યવહારનો પક્ષ અગ્રહિત મિથ્યાત્વ છે, ગ્રહિત (ગ્રહેલું) નથી. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા તો ઉપદેશથી આવી જાય, ઉપદેશથી છૂટી પણ જાય. પણ આ પરિણામ સહિત હું છું એમ જે માને છે તેને પરિણામનું સ્વામીપણું રહી જાય છે અને જેમાં સ્વામીત્વ હોય તેમાં મમતા થયા વિના રહેતી નથી. એ પરિણામમાં મમતા કરીને ભાવમરણે મરે છે. પણ પરિણામથી ભિન્ન ચિદાનંદ ભગવાનઆત્મા અંદરમાં, એક શુદ્ધ ને ટંકોત્કીર્ણ સામાન્ય તત્ત્વ તે હું છું. ત્યાં સુધી પહોંચે નહીં ત્યાં સુધી તેને કોઈને કોઈ પ્રકારે ઊંડે ઊંડે પણ તેને વ્યવહારનો પક્ષ રહી જાય છે. દ્રવ્યલીંગી મુનિ કેમ પામતો નથી. વ્યવહારનો પક્ષ ઊંડે ઊંડે કયાંય ને કયાંય તેને રહી જાય છે. એ રહે છે ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી. માટે આ ગાથા ઘણી ઊંચી છે, અસાધારણ છે, રહસ્ય સમજવા જેવું છે.

વ્યવહારનો નિષેધ તેનો અર્થ એમ નથી કે પુણ્યનો ત્યાગ અને પાપનું ગ્રહણ. એવો તેનો અર્થ નથી. ધ્યાન દઈને જ્ઞાનીની વાણી સાંભળવી અને સમજવી જોઈએ. અન્યમતિ પણ જયાં પાપનો ઉપદેશ ન આપે તો સ્વમતિ વીતરાગ પરમાત્માના સંતો, પુણ્યનો ત્યાગ કરો અને પાપનું ગ્રહણ કરો એવો ઉપદેશ હોય શકે નહીં.

અહીંયા પુણ્ય ને પાપની વાત તો ગૌણ છે પણ પર્યાયનું જે ગ્રહણ કર્યું છે તેનો ત્યાગ કર સ્વભાવની દૃષ્ટિએ. આહાહા! પુણ્ય-પાપ તો ઉત્પાદનું વિશેષણ છે. પુણ્ય-પાપના પરિણામ એ મૂળ ચીજ નથી. ઉત્પાદ-વ્યય તો અનાદિ-અનંત છે. પણ તે ઉત્પાદ-વ્યયનું જે ક્ષણિક પર્યાય અનિત્ય, નાશવાન તેના ઉપર દૃષ્ટિ રાખે છે. કે પરિણામ વિના આત્મા ન હોય, પરિણામને કરે તો આત્મા જ કરે. શું કાંઈ પરિણામ અધ્ધરથી થાય છે? એમ અનેક પ્રકારે વ્યવહારના પક્ષમાં જીવ પડયો રહે છે અને શુદ્ધનયનો વિષય શુદ્ધાત્મા એ પરિણામથી ભિન્ન ચિદાનંદ આત્મા છે એકરૂપ, તેને દૃષ્ટિમાં આવતો નથી.

તો એ દૃષ્ટિમાં આવવા માટે આ ૧૧મી ગાથા મૂળભૂત ગાથા છે. જૈનદર્શનનો પ્રાણ છે. કૈલાસચંદજી પંડિતે લખ્યું કે આ ૧૧મી ગાથા તો જૈનદર્શનનો પ્રાણ છે. એ ગુરુદેવ વારંવાર એ કહેતા હતા કે વાત યથાર્થ છે. એ આપણે પાંચ દિવસ સુધી તેની ટીકા ચાલી. હવે આજે છઠ્ઠા દિવસે ટીકાકારનો ભાવાર્થ આવે છે. ભાવાર્થ એટલે કે મૂળમાં રહેલું હોય તેને થોડુંક હળવું કરીને, વિપરીત કરીને નહીં (પણ) સમજવા માટે હળવું. આહા! હળવાનો અર્થ વિપરીતતા નથી. સમજવા માટે થોડો શબ્દનો પ્રયોગ સહેલું કરીને સમજાવે છે.

**ભાવાર્થઃ- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુધ્ધનયને ભૂતાર્થ કહ્યો છે.** ભૂતાર્થ અને અભૂતાર્થ શબ્દો પણ નવા. શબ્દો પણ નવા.ભૂતાર્થ એટલે છતો પદાર્થ. છે, છે ને છે. જેમાં જ્ઞાન-દર્શનમયથી ભરેલો આત્મા છે તેને ભૂતાર્થ સ્વભાવ કહેવામાં આવે છે. અને તેમાં રાગ-દ્વેષ, બંધ-મોક્ષના પરિણામ નથી તે આશ્રય છોડાવવા માટે તેને આત્મામાં નથી માટે તેને અભૂતાર્થ કહેવામાં આવે છે. અ-ભૂતને અર્થ, અ એટલે નહીં, ભૂત એટલે હોવાપણું, અર્થ એટલે ભાવ. બંધ-મોક્ષના જે ભાવો છે તે ત્રિકાળ સામાન્ય એકરૂપ સ્વભાવમાં નથી. નથી માટે અંતરદષ્ટિ વડે દેખનાર, અંતરદષ્ટિ વડે અનુભવનારને તે પરિણામ દેખાતા નથી, જણાતા નથી એટલે તેમાં આત્મબુધ્ધિ થતી નથી, અને જે જણાય છે તેમાં આત્મબુધ્ધિ થઇ જાય છે. **અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુધ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય,** આહાહા! વ્યવહારનયનો વિષય વિદ્યમાન નથી, છે જ નહીં, દેખાતો નથી. કહેશે, ખુલાસો કરશે.

અવિદ્યમાન કેમ કહ્યું? એનો ખુલાસો જ્ઞાનના જ્ઞેયની અપેક્ષાએ વિદ્યમાન છે. એ હમણાં કહેશે, આમાં. આમાં જયારે સ્યાદ્વાદ સિધ્ધ કરશે ને! ત્યારે પરિણામ છે. પરિણામ છે પણ તે આત્માથી અભિન્ન છે કે ભિન્ન છે? આહા! એ વાત હમણાં આવશે. કહે છે કે **જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ**-જૂઠો **હોય,** અસત્યાર્થ એટલે જૂઠો. વિદ્વાનો તેને અસત્યાર્થ કહે, ચાલતી ભાષામાં સામાન્ય જીવો-વ્યવહાર જૂઠો છે. જૂઠો કહે ત્યાં ખળભળાટ થાય અને અસત્યાર્થ કહે ત્યાં સુધી વાંધો (નથી.) પણ એકની એક વાત છે. ભાઇ! અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહે છે. જે આત્મામાં નથી. શુધ્ધાત્મામાં રાગ તો નથી પણ પર્યાયો જે નાશવાન છે એ અવિનાશી તત્ત્વમાં નાશવાન પર્યાયો નથી. જો પર્યાયો અવિનાશી તત્ત્વમાં પેસી જાય તો પર્યાયના નાશે આત્માનો નાશ થઇ જાય. માટે પર્યાયો છે ખરી, પર્યાય નથી તેમ નહીં પણ પર્યાયનો સ્વભાવમાં અભાવ છે. સ્વભાવમાં તેનો અભાવ છે.

તેનો અભાવ છે તેમાં બે સત્ સિધ્ધ થઇ ગયા. તેમાં કયાં પર્યાયને ઉડાડી? આત્મામાં પરિણામનો અભાવ છે. આત્મામાં દેહનો અભાવ છે. તેમાં દેહનો તો સ્વીકાર થઇ ગયો. દેહનો દેહપણે અને આત્માથી ભિન્નપણે. દેહનો દેહપણે અને આત્માથી ભિન્નપણે. એનું જ્ઞાન તો આવી ગયું. એમ ભગવાન ધ્રુવ પરમાત્મામાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે. પર્યાય માત્રનો અભાવ છે, નાસ્તિ છે.

કહે છે માટે તેને આત્માનું અવલંબન લેવા માટે પર્યાયનું લક્ષ છોડાવવા માટે, દ્રવ્યનું લક્ષ કરાવવા માટે, જ્ઞાનના જ્ઞેયપણે હોવા છતાં તે શ્રધ્ધાનું શ્રધ્ધેય નથી. એ જ્ઞાનનું જ્ઞેય છે પણ ધ્યાનનું ધ્યેય નથી. પર્યાય ધ્યાનરૂપ ભલે હો પણ પર્યાય ત્રણકાળમાં ધ્યેયરૂપ બનતી નથી. પર્યાય ધ્યાનરૂપ છે એ તો જ્ઞાનનું જ્ઞેય થઇ ગયું અને દ્રવ્ય ધ્યેયરૂપ છે એ તો ધ્યાનનું ધ્યેય થઇ ગયું.

કહે છે **વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે,** હવે પંડિતજી સમજાવે છે

કે વ્યવહારનયનો વિષય છે તો ખરો, પણ ભગવાનઆત્મામાં નથી, એમ અમારે કહેવું છે. તો તમે બહાર નીકળીને સમજયા વિના એમ બોલવા માંડયા કે પર્યાયને ઉડાડે છે, પર્યાયને ઉડાડે છે. પર્યાયને પર્યાય તરીકે જ્ઞાની સ્થાપે છે, અને સ્વભાવમાં નથી માટે ઉથાપે છે. આહાહા! ધ્યાન દઈને સાંભળ તો ખરો! અમારું ન માન તો કાંઇ નહીં, પછી માનજે. પણ ધ્યાન દઈને સાંભળ તો ખરો! આહાહા! અમારા કહેવાની વાત તું સાંભળતો નથી. આહા! સાંભળ તો ખરો ભાઇ!

**આશય એવો છે કે-શુધ્ધનયનો વિષય,** એટલે અંતર્મુખ થઈને જે જ્ઞાન ભગવાનઆત્માને વિષય કરે એવા અતીન્દ્રિયજ્ઞાનને સ્વસન્મુખ જ્ઞાનના પરિણામને પરમાત્મા શુધ્ધનય કહે છે. શુધ્ધ અને નય બે શબ્દ છે. નય એટલે જ્ઞાનનો અંશ. નય એટલે જ્ઞાનનો અંશ, જે વ્યાપારરૂપ છે. અને એ ઉપયોગ વ્યાપારરૂપ છે તેનો વિષય શુધ્ધ છે. તેથી શુધ્ધનયને શુધ્ધોપયોગ પણ કહેવામાં આવે છે.

એ **શુધ્ધનયનો વિષય,** આહાહા! સમ્યગ્દર્શન પ્રગટ થવા પહેલાં, સમ્યગ્જ્ઞાન પ્રગટ થવા પહેલાં તેનો વિષય શું છે તેની શોધખોળ કરવી જોઈએ. પરિણામ તો પછી સહજ ઢળી જાય છે અને અનુભવ થઇ જાય છે. પણ જેના ધ્યેયમાં ભૂલ છે તેનું ધ્યાન કદી પણ સાચું થઇ શકતું નથી. ધ્યેયના યથાર્થ જ્ઞાન સિવાય કદી પણ ધર્મધ્યાન પ્રગટ થઇ શકતું નથી. માટે પહેલું જેનું ધ્યાન કરતાં ભવનો અભાવ થાય અને જેનું ધ્યાન કરતાં ધર્મ પ્રગટ થાય એ કોનું ધ્યાન કરવા જેવું છે?

અનંતકાળથી નિમિત્તનું ધ્યાન કરી કરીને, ધ્યાન કરતાં તો આવડે છે, પણ ધ્યાનના વિષયમાં ફેર છે. ધ્યાન વિનાનો કોઈ જીવ હોય નહીં. કે ધ્યાન તો કરે છે પણ નિમિત્તનું ને રાગનું ને પુણ્ય ને પુણ્યના ફળનું ને પર્યાયનું ને કાં ગુણભેદનું. ધ્યાન તો અનાદિકાળથી કરે છે, પણ તેમાં આર્તધ્યાન ને રૌદ્રધ્યાન થાય છે. ધ્યાન કયારે ફરે? કે ધ્યાનનો વિષય ફરે તો. ધ્યાનને ફેરવવું નથી. ધ્યાન તો સહજ ફરી જાય છે. ધ્યાનનો વિષય જયારે યથાર્થ ધ્યાનમાં આવે છે ત્યારે સહજપણે પરિણતિ અંદરમાં ઢળી, અભેદ થઈ અને તેને વિષય જોતો હતો તે મળી ગયો. વિષય મળે છે ત્યારે પરિણામમાં વિશ્રાંતિ થઇ જાય છે, શાંતિનો અનુભવ થાય છે. પણ જેને ધ્યેયમાં ભૂલ છે તેનું ધ્યાન કદી પણ ધર્મધ્યાન પ્રગટ થઇ શકે નહીં.

અત્યારે તો ધ્યાનની શિબિરો બહુ લાગે છે, ધ્યાનની શિબિરો બહુ લાગે છે. એક બહેન દેવલાલી આવ્યા. ટ્રેઈનમાં વાત કરતાં હતાં કે દસ વખત હું શિબિરમાં ગઈ. મેં પૂછયું કે ધ્યાનની શિબિર લાગે છે તેમાં ધ્યેયનું સ્વરૂપ શું બતાવે છે? (તે કહે) એ કોઈ બતાવતું નથી. પણ ઓલી મુંબઈની ધમાલમાંથી બહાર જાય (તો) સામાન્ય રીતે કષાયની મંદતા થાય એટલે માનસિક શાંતિ મળે તેમાં જીવ ઠગાઈ જાય છે, છેતરાય જાય છે. આહા! ઠગાણો છે. આ બીજાની વાત નથી કરી આપણો આત્મા પણ અનંતવાર ધ્યાનની શિબિરમાં, અજ્ઞાનીના ધ્યાનની શિબિરમાં જાતો હતો અને ઠગાણો હતો. આહા! માટે ધ્યાન જેને પ્રગટ કરવું હોય તેને ધ્યાન ઉપર વજન નહીં આપવાનું. ધ્યાનના વિષય ઉપર જાવું. આહા!

ધર્મધ્યાન અને શુકલધ્યાન એ બે પ્રકારના ધ્યાન છે. એ ધ્યાન-એ કોનું ધ્યાન કરે તો તેને ધર્મધ્યાન અને શુકલધ્યાન કહેવાય. કે ધ્રુવનું ધ્યાન કરે તેને ધર્મધ્યાન અને શુકલધ્યાન પ્રગટ થાય. નિમિત્તોનું ને અધ્રુવનું ને નાશવાન પદાર્થોનું ધ્યાન કરે તો તેને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય. દુઃખ થાય, આકુળતા થાય, વિશ્રાંતિ ન મળે. સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ થવા પહેલાં તેના વિષયને તું નિશંકરૂપે શ્રધ્ધા-જ્ઞાનમાં લે. આહા!

ધર્મ કરનારનું પહેલું કર્તવ્ય એ છે કે તેણે અનુભવ પહેલાં સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. પ્રત્યક્ષ અનુભવ કરવાં પહેલાં તેણે જે સ્વરૂપ છે, આત્માનું શુધ્ધાત્માનું મૂળ સ્વરૂપ છે સ્વાંગ વગરની જે વસ્તુ છે, એ શું છે? તેની શોધખોળ કરીને તેણે નિર્ણય કરવો જોઈએ. અને એ નિર્ણય આવતાં, કોઈ વિશિષ્ટ પ્રકારનો નિર્ણય, ઉપર ઉપરનો નિર્ણય નહીં. વિશિષ્ટ પ્રકારનો નિર્ણય આવતાં તેને અલ્પકાળમાં સમ્યગ્દર્શન થાય, થાય ને થાય જ. અને નિર્ણયમાં કોલ કરાર આવી જાય છે. કોઈને અંતર્મુહૂર્તમાં અને કોઈને પાંચ-પંદર દિવસ લાગે વધારેમાં વધારે, તેનો સ્વકાળ ન આવે તો છ મહિના પણ વધારેમાં વધારે લાગી જાય. વધારે વખત ન જાય. આહા!

પણ બધાને પર્યાય ઉપર નજર રાખીને પર્યાયને સુધારવી છે. પર્યાયના લક્ષે, બાપુ! ભાઈ! પર્યાયના લક્ષે પર્યાય સુધરતી નથી. આહા! તને સુધરતી દેખાય પણ ચારિત્રનું પાપ ઘટતું દેખાય પણ મિથ્યાત્વનું પાપ વધે છે તેની ખબર કષાયની મંદતાવાળાને ખબર પડતી નથી કે કષાયની તીવ્રતા થાય છે. એક કષાયની મંદતા થાય છે તે વખતે બીજા કષાયની તીવ્રતા થાય છે. આ વાત તો જયારે જ્ઞાનીનો જન્મ થાય ત્યારે ભેદ બહાર આવે. પાપ બે પ્રકારના છે. પાપ એક પ્રકારનું (નથી.) એક જ પ્રકારનું પાપ નથી. આખા જગતને એક પ્રકારના પાપનો ખ્યાલ છે. હિંસા, જૂઠ, ચોરી એ એક પાપનો તો બધાને ખ્યાલ છે પણ મિથ્યાત્વનું પાપ શું છે તે અજ્ઞાનીને ખબર નથી.

એ મોક્ષમાર્ગ પ્રકાશ કર્તાએ આખા શાસ્ત્રમાં મિથ્યાત્વને અનંતસંસારનું કારણ કહ્યું છે. મિથ્યાત્વનો એક નાનામાં નાનો કણ પણ, કણિયો પણ એ સંસારનું કારણ કહ્યું છે. એમ આ સમયસાર શાસ્ત્રમાં પણ અને પૂજય ગુરુદેવ પણ મિથ્યાત્વનો દોષ શું છે અને મિથ્યાત્વ ગયા પછી સમ્યગ્દર્શનનો ગુણ શું પ્રગટ થાય તેની વાત તેઓશ્રીએ સમજાવી છે. આહાહા!

એ ૧૧મી ગાથામાં કહ્યું કે વ્યવહાર સઘળોય ઉપેક્ષા કરવા યોગ્ય છે. કેમકે તેના આશ્રયે ધર્મ થતો નથી. ધ્યાનના આશ્રયે ધ્યાન થતું નથી, ધ્યેયના આશ્રયે ધ્યાન થાય છે. પર્યાયના લક્ષે પર્યાય સુધરતી નથી, દ્રવ્યના લક્ષે પર્યાય સહજ વીતરાગરૂપે અંતર્મુખે પ્રગટ થઈ જાય છે. દોષને ટાળવા જતાં પ્રાયે દોષ ડબ્બલ થઈ જાય છે મિથ્યાત્વનો. દોષ ઘટતો દેખાય છે એક દોષ. બીજો દોષ વધે છે એની તેને ખબર નથી. જ્ઞાની જાણે છે. એક દોષ ઘટાડવા જતાં બીજો દોષ વધારે છે. કેમકે દોષ ઘટાડવામાં તેની

કર્તાબુધ્ધિ છે. અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો દ્રવ્યલિંગી મુનિ થઈને મારો આત્મા, હું મારા (આત્મા)ની વાત કરું છું, બીજાની નહીં. આહા!

શાસ્ત્રમાં પાઠ છે. અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, સ્વર્ગનો દેવ (થયો.) આહા! મિથ્યાત્વ રાખીને પુણ્ય કર્યું. મિથ્યાત્વને જીવતું રાખીને પુણ્ય કર્યું તો પુણ્યના ફળમાં સંયોગો મળ્યા પણ સ્વભાવની પ્રાપ્તિ ન થઈ. ધ્યાન ખેંચાય તો કામ થાય એવું છે.

પાપ બે પ્રકારના છે. આખા જગતને પાપ એક જ પ્રકારનું દેખાય છે. બીજું છૂપું પાપ. આ ચારિત્રનું પાપ બધાને દેખાય. પોતાને જણાય ઈન્દ્રિયજ્ઞાન દ્વારા અને બીજો પાપ કરતો હોય તે પણ જાણી શકે. આ તો પાપી છે. આહા! પણ માળા ફેરવતો હોય અને મિથ્યાત્વનું પાપ કરે છે એ કોઈ જાણતું નથી. કે આ માળા હું ફેરવું છું. તું ફેરવશ કે ફરે છે? ફરે છે એને જાણનાર છે કે ફરે છે તેને કરનાર આત્મા છે? આ માળાના મણકા ફરે છે, એ ફરે છે સ્વયં એનો જાણનાર હું છું કે એનો હું કરનાર છું? આહાહા!

આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભકિતનો રાગ આવ્યો, શુભરાગ. તેનો હું કરનાર છું કે તેનો હું જાણનાર છું? આહાહા!કરનાર માને છે એ પુણ્યની સાથે મિથ્યાત્વને ભેળવી દયે છે. કષાયની મંદતાથી પુણ્ય તો થાય છે. સ્વર્ગાદિ દેવ તો (થાય છે.) દેવમાં જઈને દુ:ખી થાય છે. દેવમાં જઈને પણ મિથ્યાદષ્ટિ તો દુ:ખી જ હોય. અને સમ્યગ્દષ્ટિ કદાચિત નર્કમાં જાય તોપણ, આહા! આનંદની ગટાગટી છે. કેમકે મિથ્યાત્વ ગયું છે.

અહીં, **શુધ્ધનયનો વિષય, અહીં, અભૂતાર્થ કહેવાનો આશય એ છે કે,** મૂળ પ્રયોજનભૂત વાત કરે છે. કે વ્યવહારનયનો વિષય હયાતીવાળો હોવા છતાં, તેને અહયાત છે, નથી, અવિદ્યમાન છે, એમ કહેવાનો આશય શું છે? જ્ઞાનીને દ્રવ્યના ખ્યાલપૂર્વક પર્યાયના હોવાપણાનું જ્ઞાન વર્તે છે. પર્યાયના જ્ઞાનથી ભ્રષ્ટ નથી. પર્યાયના આશ્રયથી જ્ઞાની છૂટયો છે. પણ પર્યાયના જ્ઞાનથી છૂટતો નથી. દ્રવ્યના જ્ઞાન સાથે પર્યાયનું જ્ઞાન તો હોય છે પણ પર્યાયનું અવલંબન, આશ્રય, આત્મબુધ્ધિ ,કર્તાબુધ્ધિ, સ્વામીત્વબુધ્ધિ છૂટી ગઈ છે.

આ **અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુધ્ધનયનો વિષય,** આહા! શુધ્ધનય એક અને શુધ્ધનયનો વિષય બીજો. શુધ્ધનય પર્યાય છે અને તેનો વિષય દ્રવ્ય છે. આહા! પર્યાયનો ખ્યાલ બધા કરે છે પણ પરિણામનો વિષય શું, એ વિષય પરિણામને મળતાં એ પરિણામ શુધ્ધનય પ્રગટ થાય છે. શુધ્ધનયનો વિષય, અનુભવનો વિષય, જ્ઞાનનો વિષય, શ્રધ્ધાનો વિષય અભેદ, આહાહા! જેમાં પર્યાયનો ભેદ નથી, જેમાં રાગ નથી, ક્ષયોપશમ જ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન નથી, જેમાં ગુણભેદ પણ નથી, જેમાં પર્યાયભેદ પણ નથી.

અભેદ એટલે, અભેદની બે પ્રકારની વ્યાખ્યા આવે છે. એક ત્રિકાળ અભેદ અને એક ક્ષણિક અભેદ. ત્રિકાળ અભેદ છે તે ધ્યેય છે અને ક્ષણિક અભેદ તે જ્ઞાનનું જ્ઞેય થાય છે, અનુભવના કાળમાં. અનુભવીને, અનુભવીને બે પ્રકારના અભેદ હોય છે. મિથ્યાદષ્ટિને કોઈપણ પ્રકારનું અભેદ તેની પાસે નથી. એ તો શાસ્ત્રમાં લખ્યું છે, જે બોલે છે અદ્ધરથી. કહે છે કે તેનો વિષય અભેદ એટલે અનંતગુણથી અભેદ સામાન્ય જેમાં અનંતગુણો જ્ઞાન, દર્શન, આનંદ, પ્રભુત્વ, વિભુત્વ અનંત અનંત શકિતથી બિરાજમાન પરમાત્મા અંદર બિરાજમાન છે. એ અનંતગુણો છે. પણ ગુણભેદ જેમાં દેખાતો નથી. તેને ધ્યેય કહેવાય. અને અનુભવના કાળમાં પર્યાયભેદ હોવા છતાં (ભેદ) દેખાતો નથી તેને જ્ઞેય કહેવાય. તેનું એકસ્વરૂપ છે અનાદિઅનંત અને નિત્ય દ્રવ્ય છે. જુઓ! શુદ્ધનય એ પર્યાય છે. અને તેનો વિષય શુદ્ધાત્મા છે. એક સામાન્ય સ્વભાવને દ્રવ્ય કહેવાય અને છ દ્રવ્યમાં પર્યાય સહિત પરિણમે તેને પણ છ દ્રવ્યમાં દ્રવ્ય કહેવાય. આહા! એ દ્રવ્ય પ્રમાણનો વિષય છે, આ દ્રવ્ય નયનો વિષય છે. શું પ્રમાણનો વિષય અને શું નયનો વિષય. તેના માટે રાજકોટ સંઘની અંદર બહુ સારું ચાલે છે. ચીમનભાઈ! આહા! ચીમનભાઈ બહુ સારા કલાસ લ્યે છે. આખો સંઘ ખુશી છે. ચંદુભાઈ! આખો સંઘ ખુશી છે. આહા!

કેમકે શબ્દજ્ઞાન વિના તેનું યથાર્થ ભાવભાસન થઈ શકતું નથી. માટે શબ્દજ્ઞાન પણ જરૂરનું છે. એ શબ્દજ્ઞાન તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની કોણ ના પાડે છે? એની કોણ ના પાડે છે, ભાઈ! આહાહા! (અકર્તા) એકાકાર નિત્ય દ્રવ્ય છે. નિત્ય. અનિત્ય દ્રવ્ય નહીં. શુદ્ધનયનો વિષય અનિત્ય નથી. શુદ્ધનયનો વિષય નિત્ય ધ્રુવ પરમાત્મા પોતાનો આત્મા છે. તેની દષ્ટિમાં, આહા! તેની દષ્ટિમાં એટલે અભેદ ઉપર દષ્ટિ પડતાં તે દષ્ટિમાં, તે પરિણામમાં નવી દષ્ટિ પ્રગટ થાય છે. દષ્ટિ નવી પ્રગટ થાય છે. મોતિયો ઉતરાવે ત્યારે એકદમ! આહાહા! ચોખ્ખું દેખાય છે હવે. એમ મિથ્યાત્વનો મોતિયો ઉતરે છે ને જયારે, દષ્ટિમાંથી મિથ્યાત્વ જાય છે અને શુદ્ધાત્માના દર્શન થાય છે ત્યારે શું થાય છે? કે **તેની દષ્ટિમાં,** અભેદની દષ્ટિમાં **ભેદ દેખાતો નથી.** અભેદ નથી, ભેદ હોવા છતાં દેખાતો નથી. આહા! કેમકે ભેદ ઉપર લક્ષ નથી.

જેના ઉપર લક્ષ નથી તે દેખાતું નથી અને જેના ઉપર લક્ષ છે તે જ દેખાય છે. ઉપાદેયભૂત તત્ત્વ દેખાય છે. આહા! પર્યાય તે વખતે જ્ઞેય છે, ધ્યેય છે કે ઉપાદેય છે? દેખાતી જ નથી પછી ત્રણ પ્રકારનો કોઈ ભેદ-તેની ચર્ચા બંધ કરો. આહા! પરિણામ ઉપર લક્ષ છૂટયું. અનુભવના કાળમાં દ્રવ્ય ઉપર લક્ષ આવે છે તો એ પર્યાય ઉપાદેય છે કે હેય છે કે જ્ઞાનનું જ્ઞેય છે? અરે ભાઈ! પર્યાય દેખાતી જ નથી પછી શું તેનો અમારે અત્યારે વિચાર કરવો. આહા! સવિકલ્પ દશામાં આવશું ત્યારે તું પૂછજે તો અમે જેવું હશે તેવું સ્વરૂપ પછી કહેશું. હમણાં તો અમને દેખાતી નથી. આહા!

નિર્વિકલ્પ ધ્યાનની કોઈ મસ્તી જ્ઞાનીઓને અલૌકિક હોય છે. **તેની દષ્ટિમાં,** અભેદની દષ્ટિમાં

**ભેદ દેખાતો નથી.** આહાહા! સમ્યગ્દર્શનના વિષયમાં સમ્યગ્દર્શનની પર્યાય દેખાતી નથી. આહાહા! આશ્રયભૂત તત્ત્વ જે સામાન્ય છે તેમાં વિશેષનો અભાવ હોવાથી વિશેષ દેખાતું નથી. લક્ષ કરે છે પર્યાય પણ પર્યાયનો વિષય દ્રવ્ય થઇ જાય છે. પર્યાયનો વિષય પર્યાય રહેતી નથી. તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. માટે **તેની દૃષ્ટિમાં,** અભેદની દૃષ્ટિમાં, **ભેદ**-પર્યાયના ભેદો, **અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઇએ**. આ અવિદ્યમાનનો અર્થ કરે છે. એ અમને દેખાતી નથી, પર્યાય હયાત નથી. પર્યાય વિનાનું દ્રવ્ય કહેશો તો સાંખ્યમત થઇ જશે. તને સાંખ્યમતની ખબર નથી અને જૈનમતની કાંઇ ખબર નથી. વાચા જ્ઞાન છે તને, કાંઇ ઊંડો ઉતર્યો નથી.

કહે છે કે અભેદની દૃષ્ટિ કરતાં સાધક કહે છે કે એ સમયે અમને ભેદ દેખાતો નથી. ધ્યેય દેખાય છે ત્યારે ધ્યાન દેખાતું નથી. ધ્યેય દૃષ્ટિમાં આવે છે ત્યારે ધ્યાન દેખાતું નથી. પણ અંદર એક વિશેષતા એ પ્રકારની થઇ જાય છે કે ધ્યેયનું ધ્યાન કરતાં ધ્યેય અને ધ્યાનની અભેદતા થાય છે એવું જ્ઞેય પણ તેને એ સમયે જણાય જાય છે. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય, થાય ને થાય જ. આહા! ધ્યેયપૂર્વક એ સમયે નિર્વિકલ્પ ધ્યાનમાં જયારે આત્મા આત્માનું અવલંબન લ્યે છે ત્યારે આનંદની અવસ્થા પ્રગટ થાય છે, એ રહિતપૂર્વક સહિતનું તેને જ્ઞાન થાય છે. છતાં દૃષ્ટિમાં સહિત આવતું નથી. દૃષ્ટિમાં તો રહિત રહી જાય છે અને જ્ઞાનમાં સહિત જણાય જાય છે. તેને નવું અભેદ થયું કહેવામાં (આવે છે.) એ કથંચિત અભેદ છે. પર્યાયથી અનન્ય થાય છે એ કથંચિત અભેદ છે. અને ગુણથી અનન્ય છે તે શાશ્વત છે.

કહે છે કે ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ-ભેદ દેખાતો નથી માટે નથી. અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. માટે ભેદને અવિદ્યમાન કહેવો જોઇએ. નથી એમ કહેવું જોઇએ. હવે આગળ. જુઓ! હવે જ્ઞાનના પડખેથી સમજાવે છે. દૃષ્ટિના પડખેથી સમજાવ્યું. હવે જેને દૃષ્ટિ પ્રગટ થાય તેને સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય, થાય ને થાય જ. સમ્યગ્દર્શન થઇ ગયું ને જ્ઞાન પ્રગટ થતું નથી એમ ન હોય. જ્ઞાન પ્રગટ થાય તો જ્ઞાનનો વિષય પણ હોય. એક જ્ઞાનના બે ભેદ-એક સામાન્ય અને એક વિશેષ. કરે છે જ્ઞાન એક અંશ અને બીજો એક જ્ઞાનનો અંશ વિશેષને પર્યાયને જાણે છે. આહા! હમણાં તો કહ્યું હતું કે પર્યાય અવિદ્યમાન છે ને? એ વાત રાખીને, એ વાતને ખોટી ઠરાવીને જ્ઞાન પ્રગટ થતું નથી.

કેટલો ખુલાસો બસ્સો વર્ષ પહેલાં કર્યો છે! આહા! સ્યાદ્વાદ. એમ ન સમજવું કે, એમ ન જાણવું કે ભેદરૂપ કાંઇ વસ્તુ જ નથી. અભેદમાં ભેદ નથી એટલે ભેદ કાંઇ વસ્તુ જ નથી, એમ કહેવાનો આશય (નથી) અભેદની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી. પણ ભેદ પર્યાય છે એ પર્યાય જ નથી બિલકુલ એમ છે નહીં. પર્યાયને અલોકાકાશમાં મોકલી દયો. આહા! પહેલાં એમ થાતું હતું. અલોકાકાશમાં મોકલી દયો તો દૃષ્ટિનો વિષય આવે. આહા! ત્રણ મહિના સુધી મુંબઇમાં કહ્યું, કે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય તો ધ્યેય સાચું. ધ્યેયપૂર્વક જ્ઞેય નથી થતું તો ધ્યેય ખોટું છે. ત્રણ મહિના સુધી. પછી ઓપરેશન સકસેસ થઇ ગયું.

ઓપરેશન કરવાનું આવ્યું હતું મારા હાથમાં. આહા! એકાંતના પક્ષમાં (ચડી ગયા હતા.)

મુમુક્ષુ :- સકસેસ થઇ ગયા.

ઉત્તર :- હા. સકસેસ. એકાંતના પક્ષમાં ચડી જાય તેને બીજા પડખાથી સમજાવીને, આહા! સમયક્ એકાંત પૂર્વક અનેકાંત થાય, થાય ને થાય જ. સમ્યક્ એકાંતપૂર્વક અનેકાંત ન થાય તો સમ્યક્ એકાંત નથી મિથ્યા એકાંતમાં ચાલ્યું જાય છે. 'ધાર તલવારની દોહ્યલી, સોહ્યલી જિનવરતણી' અટપટી વાત તો છે પણ રસ્તો તો નીકળી શકે એમ છે. અને આપણાથી નહોતો થતો, રસ્તો નીકળતો નહોતો એટલે સીમંધર ભગવાને આપણને રસ્તો બતાવનારાને અહીં મોકલ્યા. આહાહા! અને આપણને રસ્તો બધાને મળ્યો. કે આવું વસ્તુનું સ્વરૂપ (છે.) તદ્દન બિલકુલ અભેદમાં ભેદ નથી તેને ગમ્યું, તો ભેદ સર્વથા નથી જ્ઞાનના જ્ઞેયની અપેક્ષાએ, ધ્યાનના ધ્યેયની અપેક્ષાએ નથી, નથી ને નથી જ. પણ અનુભવ થતાં જ્ઞાનનું જ્ઞેય થાય છે, માટે જ્ઞાનમાં પર્યાય જણાય છે. આહા! રમણીકભાઇ! વાત જરા ઝીણી છે. પણ માલ માલ છે.

**એમ ન સમજવું કે ભેદરૂપ,** એટલે પર્યાય. ભેદરૂપ એટલે પર્યાયરૂપ **કાંઇ વસ્તુ જ નથી,** સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યગ્ચારિત્ર નથી, બંધ નથી, મોક્ષ નથી, બંધ-મોક્ષ નથી (તે) આત્મામાં નથી એમ કહ્યું, પણ પર્યાય પર્યાયમાં નથી એમ કોણે કહ્યું? તું ધ્યાન દઇને સાંભળ તો ખરો! પર્યાય પર્યાય તરીકે નથી એમ કોણે કહ્યું? એ તો સોનગઢના સંત કહે છે, તેં સાંભળ્યું જ નથી. બીજો સાંભળનારો કહે છે કે તેં સાંભળ્યું નથી. સોનગઢના સંતે કહ્યું, ભગવાન ત્રિકાળ સામાન્યમાં વિશેષની નાસ્તિ છે. પણ વિશેષની વિશેષમાં તો અસ્તિ (છે.) પર્યાય પર્યાય તરીકે સત્ છે. પર્યાય અસત્ નથી. અત્યારે હમણાં અવિદ્યમાન કહ્યું, અસત્યાર્થ કહ્યું, અભી બોલા અભી ફોક! એમ નથી તું વિવિક્ષા ફરે છે. સાંભળ! વિવિક્ષા ફરે છે હવે.

અભેદની દૃષ્ટિમાં પર્યાયનો ભેદ દેખાતો નથી. પણ એમ ન સમજવું કે પર્યાય બિલકુલ નથી. જુઓ! ખુલાસો કરે છે. **એમ ન સમજવું કે ભેદરૂપ કાંઇ વસ્તુ જ નથી.** વસ્તુ જ નથી. **જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળાઓ,** અન્યમતિ. વેદાંત એટલે અન્યમતિ, જૈન સિવાય. **વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે.** પર્યાય છે નહીં, છ દ્રવ્ય છે નહીં, આહાહા! એક સત્તા. એક આત્મા, અનંત આત્મા પણ નથી. અને દ્રવ્ય અને પર્યાય એવા બે ભેદ નથી. એમ અનેક પ્રકારે અન્યમતિ પર્યાયને ઉડાડે છે.

તો કહે છે, **અને સર્વવ્યાપક એક અભેદ,** સર્વવ્યાપક એક અખંડ આત્મા આખો. ત્યારે આ બધા જીવો છે-જીવો તેના અંશ છે. એ આત્માના બધા અંશો છે. અનેક પ્રકારે ગપ્પા મારે છે. આહાહા! આત્માને જોયા વિના, સર્વજ્ઞ ભગવાને જ ખરેખર આત્મા જોયો છે. આહાહા! સર્વજ્ઞના મત સિવાય

આત્માનું યથાર્થ સ્વરૂપ કયાંય હોય શકે નહીં. **સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુધ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુધ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.** સમયસાર વાંચીને પણ જો તું યથાર્થ નહીં સમજ! આ સમયસારના વાંચનારાઓને કહે છે, સમયસારના ભણનારાઓને કહે છે, સમયસારનું રાત-દિવસ અધ્યયન કરનારાને કહે છે. ..આવશે. પર્યાય છે જ નહીં. હમણાં કહ્યું અભેદમાં ભેદ નથી. અવિદ્યમાન છે, અસત્યાર્થ પર્યાય જૂઠી છે. અરે! પ્રભુ! સાંભળ તો ખરો! આહા!

જમણા હાથમાં ડાબા હાથની નાસ્તિ છે એમ કહ્યું, જમણા હાથમાં ડાબા હાથનો અભાવ છે. તે ડાબા હાથનો અભાવ છે? કે જમણા હાથમાં ડાબા હાથનો અભાવ છે ત્યારે જમણાની સિધ્ધિ થાય. ડાબાની સિધ્ધિ ન થાય. શું કહ્યું? જમણા હાથમાં ડાબા હાથનો અભાવ છે. ત્યારે ડાબા હાથની સિધ્ધિ થાય કે જમણા હાથની? જમણા હાથની સિધ્ધિ થઈ. એકનો બીજામાં અભાવ થાય ત્યારે એકની સિધ્ધિ થાય. એકમાં બીજાનો સદભાવ થાય તો બેમાંથી કોઈની સિધ્ધિ ન થાય. આ સ્થૂળ દૃષ્ટાંત.

દ્રવ્યનું અવલંબન લેવડાવવા માટે દ્રવ્યમાં પર્યાય નથી એમ કહ્યું. તેથી બિલકુલ પર્યાય જ નથી? એમ કોણે કહ્યું? ડાબો હાથ જ નથી. કે સાહેબ! આપે કહ્યું ને? કે જમણા હાથમાં ડાબા હાથનો અભાવ છે. પણ ડાબા હાથનો અભાવ છે તો ડાબો ડાબાપણે છે તો તેનો અભાવ સિધ્ધ થાય.